જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૮/૨૦૨૧  બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૫૪૪/૨૦૨૧**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૩૭ | ૦ | ૧૧૬૩૭ | ૧૭૭૪૮ | ૦ | ૧૭૭૪૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૨ | ૦ | ૪૭૩૨ | ૬૨૬૮ | ૦ | ૬૨૬૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૦૭ | ૦ | ૧૦૭ | ૩૭૪ | ૦ | ૩૭૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૬૯૦૬૨ | ૯૫ | ૬૯૧૫૭ | ૬૯૯૪૪ | ૧૦૨ | ૭૦૦૪૬ |
| કુલ | | ૮૫૫૩૮ | ૯૫ | ૮૫૬૩૩ | ૯૪૩૩૪ | ૧૦૨ | ૯૪૪૩૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૩ | ૩,૯૬,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૮૯ | ૮,૮૯,૦૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૫૪૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૨૧૨ દેશી દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૫,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૫૪૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૧૫૪૭/૨૦૨૧**

**ઓઢવ** : મુકેશભાઇ મોદીરામ કીર(પટેલ) (ઉ.વ.૩૦)(રહે,ખોડીયાર પાર્ક સોસાયટી, નવરંગ સ્કુલ પાસે, અંબીકાનગર, ઓઢવ) એ તા.૨૪/૦૮/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૮/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૨૪/૦૮/૨૦૨૧ ના કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાનો હાર કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, સોનાની બુટ્ટીનો સેટ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-, એક જોડી ચાંદીની પાયલ કિંમત રૂપિયા ૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૯,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પટેલ ચલાવે છે.

**સોનાની ચેઇન-મોબાઇલ ખેંચી ઝુંટવી લઇ ગયા:-** **સમાચાર યાદી નં.૧૫૪૮/૨૦૨૧**

**વાસણા** : રાહુલભાઇ કાંતિભાઇ વાળા (ઉ.વ.૨૪)(રહે.બુટભવાની મંદિર પાછળના છાપરા વેજલપુર)નાઓ તા.૨૪/૦૮/૨૦૨૧ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે વાસણા મલાવ તલાવ આગળ શૌચાલયમાં ગયેલા અને પરત ફરતા તેમના એક્ટીવા પાસે બે અજાણ્યા પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) ઉભા હતા. જેઓએ "અમારે થોડે આગળ સુધી જવુ છે તો અમને બેસાડતા જાઓ" તેમ કહી રાહુલભાઇના એક્ટીવા પાછળ બેસી વાસણા જલતરંગ ક્લબ ની ગલીમાં કાચા રસ્તા ઉપર આવતા રાહુલભાઇને એક્ટીવા ઉભુ રાખવાનું કહી નીચે ઉતરી રાહુલભાઇના ગળામાં પહેરેલ સોનાની ચેઇન ખેંચતા રાહુલભાઇએ ચેઇન પકડી રાખતા સોનાની ચેઇનનો ટુકડો કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- મતાનો તોડી લઇ તેમજ સાથેના બીજા પુરૂષે રાહુલભાઇના ખિસ્સામાંથી વીવો કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- મતાનો ખેંચી ઝુંટવી લઇ બંને ઇસમો નાસી ગયા હતા. આ ગુનાની ફરીયાદ રાહુલભાઇ વાળા એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.ચૌધરી ચલાવે છે.

**<u>ગાડીનો કાચ તોડી ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૪૯/૨૦૨૧</u>**

**કાગડાપીઠ** : સતીષ આનંદ પુજારી (ઉ.વ.૪૪)(રહે.શ્રીઆનંદપુર ટ્રસ્ટ મંગલપાર્કની સામે, ભુલાભાઇ ચાર રસ્તા, ગીતામંદીર રોડ) એ તા.૨૪/૦૮/૨૦૨૧ સાંજના ૫/૦૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન ભુલાભાઇ પાર્ક શ્રીઆનંદપુર ટ્રસ્ટની સામે રોડની સાઇડમાં પાર્ક કરેલ પોતાની સ્વીફ્ટ ડીઝાયર ગાડીના ડ્રાઇવર સાઇડના પાછળના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારની પાછળની સીટ ઉપર મુકેલ કાળા રંગનુ પાકીટ કે જેમા આશરે રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- તથા છ-સાત સ્ટીલનાં ડબ્બા કિંમત રૂપિયા ૫૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૨,૦૦,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની ફરીયાદ સતીષ પુજારીએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.ગોહીલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૫૦/૨૦૨૧</u>**

**રામોલ** : **(૧)** નિતિનભાઇ રામજીલાલ નાઇ (ઉ.વ.૨૪)(રહે.વ્રજભૂમિ પાર્ક વિનાયકની બાજુમાં આર.ટી.ઓ રોડ, વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૨૦૨૧ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઇ મોહનભાઇ ચલાવે છે.

**રામોલ** : **(૨)** રાબીયાબાનુ ડો/ઓ યુનુસભાઇ મન્સુરી (ઉ.વ.૧૭)(રહે, જયઅંબેનગર મ્યુનિ. સ્કુલની સામે, જનતાનગર, રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મસઇશ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે

**દાણીલીમડા** : સેરાજુલદ્દીન મીરહસન અંસારી (ઉ.વ.૨૦)(રહે.સુકનપાર્ક રહેમાનીયા મસ્જીદ પાસે, બોમ્બે હોટલ, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૨૦૨૧ સવારના ૭/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી